Publication. Janmbhoomi
Date: 15/2/2019
Page: 3
Column: 1

જન્મભૂમિ મુંબઈ, શુક્રવાર, તા. ૧૫-૨-૨૦૧૯

# અદાણીની 'ઈલેક્ટ્રિક સ્માઈલ્સ' સ્કીમ્સ

મુંબઈ, તા. ૧૪ : અદાણી ઇલેક્ટ્રિસિટી મુંબઈ લિમિટેડે (એઇએમએલ) આંજે ગ્રાહકો માટે 'ઈલેક્ટ્રિક સ્માઈલ્સ' કાર્યક્રમની જાહેરાત કરી છે, જે પોતાના ગ્રાહકોને વળતર આપવા માટેની એક લોયલ્ટી યોજના છે. જે ગ્રાહકો ચેક, વેબસાઇટ, મોબાઇલ એપ અને અન્ય ઑનલાઇન પેમેન્ટ પ્લેટફોર્મ્સ મારફતે ચુકવણી કરશે તેઓ ઇલેક્ટ્રિક સ્માઇલ્સની કમાણી કરવા માટે લાયક ઠરશે જેને એક્સકલ્યુસિવ સોદાઓ અને ખરીદી પર ડિસ્કાઉન્ટ પર રિડીમ કરી શકાશે.

ઇલેક્ટ્રિક સ્માઇલ્સના દરેક યુનિટ એક રૂપિયાની સમકક્ષ રહેશે. જે ગ્રાહકો ચેકથી પેમેન્ટ કરશે તેઓ દર ૧૦૦ રૂપિયાની ચુકવણી સામે ૨ ઇલેક્ટ્રિક સ્માઇલ્સ મેળવવા હકદાર બનશે, જ્યારે જે લોકો ઓનલાઇન પેમેન્ટ્સનો ઉપયોગ કરશે તેઓ ચૂકવવામાં આવેલા દર ૧૦૦ રૂપિયા સામે ૩ ઇલેક્ટ્રિક સ્માઇલ્સ મેળવશે. આ ઉપરાંત અદાણી ઇલેક્ટ્રિસિટી પ્રોમ્પ્ટ પેમેન્ટ પ્રોત્સાહન તરીકે ખાસ ઓફર આપી રહી છે. જેમાં જે ગ્રાહકો બિલ જનરેશનના ૭ દિવસમાં ઓનલાઇન પેમેન્ટ કરશે તેમને ચૂકવવામાં આવેલા દર ૧૦૦ રૂપિયા સામે ૪ ઇલેક્ટ્રિક સ્માઇલ્સ મળશે. ઈલેક્ટ્રિક સ્માઇલ્સને એક્સક્લુસિવ ઓફર્સ મારફતે અંને ફૂડ અને બેવરેજીસ, હોમ ફર્નિશિંગ, એપરેલ, હેલ્થ એન્ડ વેલનેસ અને અન્ય આવી ખરીદી પરના પરના ડિસ્કાઉન્ટ સામે રિડીમ કરી શકાશે.